Process Safety Beacon
Messages for Manufacturing Personnel
www.aiche.org/ccps/process-safety-beacon

An AIChE Technology Alliance
CCPS
Center for Chemical Process Safety
aiche.org/ccps

This issue sponsored by
ioMosaic®
Minimizing risk. Maximizing potential.®
www.iomosaic.com

# તહેવારોમાં સલામતીને ઘરે લઈ જાઓ

ડીસેમ્બર-૨૦૨૨




આકૃતિ ૧ આખી દુનિયામાં તહેવારોની ઉજવણી થાય છે.

બોધી દિવસ, બોક્ષીંગ ડે, ક્રિસમસ, દિવાળી/ગીતા જયંતિ, હન્નુકાહ, કવાન્ઝા, નવુ વર્ષ અને ઓમીસોકા અને બીજા ઘણાં બધાં તહેવારોની ઉજવણી વર્ષના અંતમાં થાય છે. મોટા ભાગે કર્મચારીઓ રજા લઈને તહેવારોનો સમય પરીવાર અને મિત્રો સાથે પસાર કરે છે તહેવારોમાં મિત્રો અને પરીવાર વચ્ચે ભેટ સોદાગોની આપલે થતી હોય છે.

તહેવારો નજીક આવતાં જ આપણે ભેટ સોદાગો, રસોઈ, સાફ-સફાઈ અને શણગારવામાં ખૂબ વ્યસ્ત થઈ જઈએ છીએ. એ ખૂબ અગત્યનું છે કે તહેવારોનો રોમાંચ આપણા પરીવાર, મિત્રો અને ઘરની સુરક્ષા ઉપર ન હાવી ન થઈ જાય.

**તહેવારો દરમ્યાન ઘરોમાં આગ લાગવાનું જોખમ વધી જાય છે**

આવું ન થવા દો



આવું કરો



## શું તમે જાણો છો ?

- નેશનલ ફાયર પ્રોટેકશન એસોશીએશનના અહેવાલ અનુસાર તહેવારોમાં શણગારને કારણે ૭૭૦ ઘરોમાં આગ લાગે છે.
- ઈલેક્ટ્રીકલ વાયરીંગ અથવા વિજળીના સાધનને કારણે લગભગ અડધા ઘરનાં ઝાડમાં આગ લાગે છે. લાઈટના શણગાર લગભગ ૨૦ % હોલીડે ઝાડમાં આગ લાગવાનું કારણ બને છે.

(ref. https://www.nfpa.org/Public-Education/Fire-causes-and-risks/Seasonal-fire-causes/Winter-holidays)

- ઘણા બધાં તહેવારોમાં મીણબતી/દીવા પ્રગટાવવાની પરંપરા હોય છે. મીણબતીથી આગ ડીસેમ્બર અને જાન્યુઆરી માં વધે છે . આ મહીનાઓમાં મીણબતી થી લાગતી આગ ૧૧ % સાથે ટોચ પર હોય છે.
- કેટલાંક તહેવારો ની પરંપરા પ્રમાણે ખાસ શણગાર કરાતો હોય છે જે ફક્ત એ સમયે જ વપરાય છે. બાકીના સમયમાં સંગ્રહ માં રહેલા શણગારની સ્થિતિ બગડી શકે છે.
- શણગાર લગાવવા માટે વાયરને લંબાવવાની કે દિવાલઉપર એક કરતાં વધારે એડપ્ટરો લગાવવાની જરૂર પડી શકે છે. વધારાના વાયરો ઈલેક્ટ્રીકલ અને પડવાનાં જોખમો માટે કારણભુત બની શકે છે.
- ફટકાડાં ફોડવાં એ ઘણા તહેવારોની ઉજવણી નો ભાગ છે. તે ખુબજ કાળજી રાખીને વાપરો. તે ખુબ જ ખતરનાક છે!

## તમે શું કરી શકો ?

- ઘરની અંદર અને બહાર યોગ્ય પ્રમાણીત કરેલ લાઈટનો ઉપયોગ કરો.
- તહેવારોમાં શણગારવા માટે વાપરેલા વાયરીંગનું નિરીક્ષણ કરો અને એક જ પોઈન્ટમાં વધારે પડતાં પ્લગ નાખવાનું પણ ટાળો. શણગારવા માટે વપરાયેલા ઢીલા બલ્બ કનેકશન, ઘસાયેલાં કે તૂટેલા વાયરો ને બદલી નાખો.
- મીણબતીઓ/દીવાઓ ને શણગારવા તથા પ્રતિકાત્મક કારણોસર વાપરતી વખતે વધારે કાળજી રાખો. બેટરી વડે ચાલતી મીણબતીઓ સંભવીત ઈગ્નીશન સ્ત્રોતો ને ટાળે છે.
- તહેવારો માટેના જીવંત ઝાડને દરરોજ પાણી આપો. દરેક ચાર માંથી એક શિયાળુ આગ , ઝાડ ગરમીના સ્ત્રોતોની ખુબ નજીક હોવાને કારણે લાગે છે.
- જયારે પણ રૂમની બહાર જાઓ અથવા સુવા જાઓ ત્યારે મીણબતી/દીવા ને ઓલવી નાખો અને લાઈટ ની સીરીઝ અને શણાગારને બંધ કરી દો.
- તહેવારોમાં તમે અથવા પાડોશી ઓ ફટાકડા ફોડો ત્યારે સંભવિત આગ સામે સાવચેતી રાખો. પાણી ની પાઈપ અથવા એક્ષટીન્ગ્યુશર ને તૈયાર રાખો.

**સલામતી એ તહેવારો માટેની શ્રેષ્ઠ ભેટ છે.**

©AIChE 2022. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for any commercial purpose without express written consent of AIChE is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or +1 646-495-1371.